પોલીસ કમિશ્નરની કચેરી, અમદાવાદ શહેર.
શાહીબાગ,અમદાવાદ
વિશેષ શાખા, કચેરી ટેલીફોન નં-૦૭૯૨૫૬૩૩૪૦૦.
Email:Spl1-ahd@gujarat.gov.in

## -: જાહેરનામું :-

**ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ:**

**ક્રમાંક: વિ.શા./જાહેરનામું-સાયકલ-સ્કુટર/એ-સેકશન/પરમીટ/૯૩ /૨૦૨૧, તા.૧૯/૦૬/ ૨૦૨૧**

વંચાણે લીધા:-(૧) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ઝોન-૧, અમદાવાદ શહેર,નાઓના જાવક પત્ર ક્રમાંક: જી/ ૭૨૫/ ઝોન-૧/આર.બી./૩૪૧૭/૨૦૨૧ તા.૧૫/૦૬/૨૦૨૧ તથા:

(૨) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઈમ બ્રાન્ચ, અમદાવાદ શહેર, નાઓના જાવક પત્ર ક્રમાંક: જી/ ૭૨૫/ નાપોકમિ/ક્રાઇમ/૬૦૫/૨૦૨૧ તા.૧૫/૦૬/૨૦૨૧ આધારે.

ભૂતકાળમાં જાહેર જનતાની અવર-જવર વધુ પ્રમાણમાં થતી હોય તેવા સ્થળો જેવા કે, રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન, સરકારી કચેરીઓ, પર્યટન સ્થળો વગેરે જગ્યાઓ પર સાયકલ, મોટર સાયકલ કે ફોર વ્હીલરમાં બોમ્બ જેવી વિસ્ફોટક સામગ્રીઓ ગોઠવીને બ્લાસ્ટ થકી ભયાવહ કૃત્યને અંજામ આપવામાં આવેલ છે. ભવિષ્યમાં પણ આવી ઘટનાઓની શકયતા નકારી શકાય નહી.

જેથી હું સંજય શ્રીવાસ્તવ,પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં-૨) ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબનો હુકમ કરૂ છું:

અમદાવાદ શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં સાયકલ વેચનાર તેમજ બેટરીથી ચાલતા સ્કુટર વેચનાર દુકાનો ધરાવનારા માલિકો, મેનેજરો, સંચાલકો, એજન્ટોએ જ્યારે જ્યારે આવા સાયકલ/સ્કુટર વેચવામાં આવે ત્યારે તેઓએ નીચે મુજબની સુચનાઓનું અવશ્ય પાલન કરવું :

(૧) સાયકલ/સ્કુટર ખરીદનારને અવશ્ય બિલ આપવું અને તેની સ્થળ પ્રત કબજામાં રાખવી.

(૨) વેચાણ લેનાર ગ્રાહકનું ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, ઈલેક્શન કાર્ડ, રેશનકાર્ડ, આધારકાર્ડ કે નોકરી કરતાં હોય તો ત્યાંનુ ઓળખ પત્ર કે શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર કે સ્થાનિક અગ્રણીઓ જેવાં કે મ્યુનિસિપલ કોર્પોરેટર, ધારાસભ્યશ્રી, સંસદ સભ્યશ્રી, કોઈપણ ખાતાના રાજયપત્રિત અધિકારીશ્રી તરફથી મેળવેલ ઓળખપત્ર, પ્રમાણપત્ર પૈકી કોઈપણ એક વૈધ (valid) પુરાવો ઓળખ માટે ગ્રાહક પાસેથી આવી સાયકલ/ બેટરીથી ચાલતા સ્કુટર વેચાણ કરનારે મેળવવાનો રહેશે.

(૩) બિલમાં ખરીદનારનું પુરૂ નામ-સરનામું, સંપર્ક માટે ટેલીફોન/મોબાઈલ નંબર લખવો.

(૪) વેચાણ બિલમાં સાયકલ/સ્કુટરનો ફ્રેમ નંબર/ચેચીસ નંબર અવશ્ય લખવો.

આ હુકમ તા.૨૧/૦૬/૨૦૨૧ ના કલાક ૦૦/૦૦ થી તા.૧૯/૦૮/૨૦૨૧ ના કલાક ૨૪/૦૦ સુધી દિન-૬૦ માટે અમલમાં રહેશે.

-:વિસ્તાર:-

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

-:જાહેર વિજ્ઞાપન:-

તમામને વ્યકિતગત રીતે નોટીસોની બજવણી કરવી શક્ય ન હોઇ આથી એકતરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂં તેવી જાહેર જગ્યાઓએ નકલ ચોંટાડી, લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ અમદાવાદ શહેર પોલીસના તમામ Social media એકાઉન્ટસ ઉપર સ્થાનીક વર્તમાન પત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનનાં સિનિયર પોલીસ ઇન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશનર, નાયબ પોલીસ કમિશનર તથા પોલીસ કમિશનર કચેરીનાં નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એક્ટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાંશે.

-:શિક્ષા:-

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા ખાસ /સંયુક્ત /અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પોલીસ સબ ઇન્સપેકટરશ્રી સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય દંડ સહીતાની કલમ-૧૮૮ મુજબ ફરિયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૮/૦૬/૨૦૨૧ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

(સંજય શ્રીવાસ્તવ)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

નકલ સવિનય રવાના :-

(૧) અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, ગુજરાત સરકાર.
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૩) પોલીસ મહાનિર્દેશક અને મુ.પો.અધિ.શ્રી. ગુ.રા.ગાંધીનગર.
(૪) અધિક પો.મહાનિર્દેશકશ્રી (ઇન્ટે), ગુ.રા.ગાંધીનગર.
(૫) પોલીસ કમિશનરશ્રી સુરત, વડોદરા, રાજકોટ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી, દાણાપીઠ, અમદાવાદ શહેર.
(૮) કલેકટરશ્રી, અમદાવાદ શહેર.
(૯) નિયામકશ્રી માહિતી ખાતુ, ગુ.રા.ગાંધીનગર.
(૧૦) સંયુક્ત માહિતી નિયામકશ્રી બેરેક નં.૩, આંબાવાડી પોલીટેકનીક, અમદાવાદ.
(૧૧) રજીસ્ટ્રારશ્રી, હાઇકોર્ટ, ગુ.રા.અમદાવાદ શહેર.
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, મીરજાપુર, અમદાવાદ શહેર.

(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.

(૧૫) સિનિયર સરકારી વકીલશ્રી, અમદાવાદ શહેર.

(૧૬) ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રી,સેકટર-૧,૨/ક્રાઇમ બ્રાન્ચ/ટ્રાફિક શાખા/મુખ્યમથક અમદાવાદ શહેર.

(૧૭) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.

(૧૮) નાયબ પોલીસ કમિશનરશ્રી(ઇન્ટે.), અમદાવાદ શહેર.

(૧૯) મેનેજરશ્રી, ગવર્મેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૧માં પ્રસિધ્ધ કરવા સારૂં તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી.

(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.

(૨૧) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા સારૂં.)

(૨૨) તમામ પો.ઇન્સ.શ્રીઓ અમદાવાદ શહેર.(જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂં)

(૨૩) મ.પો.ક્મિ.શ્રી એસ.ઓ.જી., અમદાવાદ શહેર.

(૨૪) પો.ઇન્સ.શ્રી રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે. સ્ટેશન, અમદાવાદ શહેર.

(૨૫) પો.ઇન્સ.શ્રી અમદાવાદ રેલ્વે પો.સ્ટે.

(૨૬) પો.સબ.ઇન્સ શ્રી સાબરમતી રેલ્વે પો.સ્ટે.

(૨૭) પો.ઇન્સ.શ્રી કોમ્પ્યુટર શાખા, પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P. Ahmedabad website ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.

(૨૮) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઈમ (અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ)